નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 27/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક



અઢળક કેકની વેરાયટીઓ

New Collection

મેરેજ બોક્સ, ડ્રાયફ્રૂટ બોક્સ અને
રમકડાંની અવનવી વેરાયટી



અર્જન્ટ કેક
બનાવી આપવામાં આવશે.

બર્થ ડેકોરેશન,
બેબી શાવર ડેકોરેશન ની
તમામ આઈટમ મળશે..



તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં.

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશન સાયેનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

નારોલા

લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

તારીખ : 27/11/2026

ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણીની તૈયારીઓ વચ્ચે મોટો નિર્ણય : ૨૭ નવેમ્બરે થનારી આખરી મતદારયાદીની પ્રસિદ્ધિ હાલ મુલતવી



ગુજરાત રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી ગ્રામ પંચાયતોની સામાન્ય, વિભાજન, મધ્યસત્ર અને પેટાચૂંટણીઓને લઈને મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ આજે ૨૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ગ્રામ પંચાયતોની વોર્ડવાર આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરવાની હતી, પરંતુ વહીવટી કારણોસર આ પ્રસિદ્ધિ હાલ પૂરતી મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્ય ચૂંટણી આયોગના સચિવ એન.કે. ડામોર દ્વારા આ અંગે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને કલેક્ટરોને જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.ઉલ્લેખનીય છે કે, ગ્રામ પંચાયતોની મતદારયાદી તૈયાર કરવા માટે ગુજરાત વિધાનસભાની ૧ જાન્યુઆરી, ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબર, ૨૦૨૬ની લાયકાતની તારીખની સ્થિતિએ પ્રસિદ્ધ થયેલી તથા સતત સુધારણા દરમિયાન અપડેટ થયેલી મતદારયાદીનો આધાર લેવામાં આવ્યો હતો.મળતી વિગતો મુજબ આ અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર ૧૭ નવેમ્બરના રોજ વોર્ડવાર પ્રાથમિક મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

ત્યારબાદ ૨૩ નવેમ્બર સુધી દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવાની સમયમર્યાદા રાખવામાં આવી હતી તથા ૨૫ નવેમ્બરના રોજ અરજીઓની ચકાસણી અને આખરી નિર્ણય લેવાની પ્રક્રિયા નિર્ધારિત કરવામાં આવી હતી.જોકે, હવે ૨૭ નવેમ્બરે થનારી આખરી મતદારયાદીની પ્રસિદ્ધિ મોકૂફ રાખવામાં આવતા ગ્રામ્ય વિસ્તારોમાં ચૂંટણીની રાહ જોઈ રહેલા સંભવિત ઉમેદવારો અને મતદારોમાં ચર્ચાઓ શરૂ થઈ છે.નવી તારીખ અંગે હવે રાજ્ય ચૂંટણી આયોગની આગામી જાહેરાત પર સૌની નજર મંડાઈ છે.

આખરી મતદારયાદી પ્રસિદ્ધ થયા બાદ જ ગ્રામ પંચાયતોની આગામી ચૂંટણી પ્રક્રિયા અંગેનું ચિત્ર વધુ સ્પષ્ટ બનશે. હાલ ચૂંટણીની નવી તારીખો અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

KD NEWS
SAVARKUNDLA

તમારા વિસ્તારના સમાચાર
હવે KD News સુધી પહોંચાડો!

તમારા આસપાસ બનતી કોઈ **મહત્વપૂર્ણ ઘટના** હોય,
સામાજિક કે ધાર્મિક **કાર્યક્રમ** હોય, **સેવાકીય પ્રવૃત્તિ** હોય,
જાહેર સમસ્યા હોય કે કોઈ **વિશેષ સિદ્ધિ**ની વાત હોય...









ફોટો | વીડિયો | જરૂરી માહિતી

સાથે અમને મોકલો.

તમારો અવાજ બનશે KD News!

તમારા વિસ્તારની દરેક નાની-મોટી ખબર
લોકો સુધી પહોંચાડવા માટે આજે જ અમારો સંપર્ક કરો.

WhatsApp કરો
9499797973



KD News – તમારા વિસ્તારનો વિશ્વાસુ સમાચાર સાથી.

તારીખ : 27/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

સોનિકની ૧૦૦% ગેરંટી !!!

ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭





DOUBLE DHAMAKA CAR OFFER - 2027

CAR-PATI

KAUN BENEGA MALAMAL - 2027















T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 27/11/2026

ગ્રામ પંચાયતની આગામી ચૂંટણીઓની પૂર્વ તૈયારીઓની સમીક્ષા : અમરેલી કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ વર્ચ્યુઅલ બેઠકમાં ઉપસ્થિત રહ્યા





ગ્રામ પંચાયત સંસ્થાઓની આગામી સામાન્ય ચૂંટણી, વિભાજન ચૂંટણી, મધ્યસત્ર ચૂંટણી તથા પેટા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ચૂંટણીલક્ષી પૂર્વ તૈયારીઓના ભાગરૂપે માનનીય કમિશનરશ્રીના અધ્યક્ષસ્થાને વર્ચ્યુઅલ બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકમાં આગામી ચૂંટણીઓની કાર્યરૂપરેખા, ચૂંટણી સંબંધિત ઉપલબ્ધ વિગતો તથા અત્યાર સુધી કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી. સાથે જ ઉપલબ્ધ માહિતીની ખરાઈ કરી ચૂંટણી પ્રક્રિયા સુચારુ, પારદર્શક અને વ્યવસ્થિત રીતે હાથ ધરવા અંગે જરૂરી ચર્ચા કરવામાં આવી હતી.આ મહત્વપૂર્ણ બેઠકમાં અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામ પંચાયતની આગામી ચૂંટણીઓ સુવ્યવસ્થિત રીતે યોજાય તે માટે વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવનાર આયોજન, જરૂરી સંકલન અને પૂર્વ તૈયારીઓના વિવિધ પાસાઓ અંગે માર્ગદર્શન અને ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકનો મુખ્ય હેતુ ચૂંટણી પ્રક્રિયા પૂર્વે તમામ જરૂરી વિગતોની સમીક્ષા અને ખરાઈ કરી ચૂંટણીલક્ષી કામગીરીને સમયસર તથા સુચારુ રીતે પૂર્ણ કરવાનો રહ્યો હતો.

આ મહત્વપૂર્ણ વર્ચ્યુઅલ બેઠકમાં અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજ સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં ગ્રામ પંચાયતની આગામી ચૂંટણીઓ સુવ્યવસ્થિત રીતે યોજાય તે માટે વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવનાર આયોજન, જરૂરી સંકલન અને પૂર્વ તૈયારીઓ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

તારીખ : 27/11/2026



કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



Organised by:
HEADWAY
BUSINESS SOLUTIONS LLP
Solution@100%

www.headway.guru
908 1 24 1 916



"SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV"®

SUVARNA SAUBHAGYA UTSAV











અરે... વાહ...

૯,૯૯૯ સુધી

કરોડોની કિંમતના ઈનામો!

હા, સાચું વાંચ્યું.

તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના
ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ

શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 27/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જીગરજાન મિત્રને અશ્રુભરી

શ્રધ્ધાંજલી



સ્વ. મેહુલભાઇ દિલુભાઇ વાળા

(ઉં.વ.૩૫) સ્વ.તા. ૨૦/૧૧/૨૦૨૬

દુનિયા માટે ભલે તમે ચાલ્યા ગયા પણ અમારા માટે તમે હંમેશા
જીવંત છો અને હંમેશા જીવંત રહેશોઅમારા યાદગીરીના
પુષ્પો અને આંસુના અભિષેક વડે સ્મરણાંજલિ અર્પણ કરીએ છીએ.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે.... ૐ શાંતિઃ...

આલુભાઇ રામભાઇ મોરી	ચિરાગભાઇ વિનયભાઇ ગુંધળી
પંકજભાઇ હિંમતભાઇ મકવાણા	કેતનભાઇ ગુણવંતરાય જોશી
વસીમભાઇ નજુભાઇ ખોખર	પિયુષભાઇ રાણાભાઇ આલ

ડે.ડે NEWS

તારીખ : 27/11/2026

અમરેલીની ઐતિહાસિક ‘ગઢની રાંગ’ને મળશે નવું સ્વરૂપ, રીનોવેશન અને રીસ્ટોરેશન માટે ૩. ૧૨ કરોડની મંજૂરી



અમરેલી શહેરની ઐતિહાસિક ધરોહર અને ગૌરવ સમાન ‘ગઢની રાંગ’ના જતન અને સંવર્ધન માટે રાજ્ય સરકાર દ્વારા ૩. ૧૨ કરોડની માતબર રકમની મંજૂરી આપવામાં આવી છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘વિરાસતની જાળવણી સાથે વિકાસ’ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.અમરેલીમાં ઠેબી રિવરફ્રન્ટની સામે આવેલા ઐતિહાસિક ગઢની રાંગનું રીનોવેશન અને રીસ્ટોરેશન કરી તેને વધુ આકર્ષક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં અમરેલીના ઐતિહાસિક વારસાને નવી ઓળખ મળશે તેમજ શહેરની સુંદરતામાં વધારો થશે. સાથે જ પ્રવાસન ક્ષેત્રને વેગ મળવાની અને સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો ઊભી થવાની આશા છે.આ મહત્વપૂર્ણ વિકાસલક્ષી નિર્ણય અંગે રાજ્યકક્ષાના ઉર્જા મંત્રી અને અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયાએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.અમરેલીની ઐતિહાસિક ઓળખ સમાન ગઢની રાંગના સંરક્ષણ અને વિકાસ માટે મળેલી આ મંજૂરીથી શહેરના ઐતિહાસિક વારસાને સાચવવાની સાથે અમરેલીને પ્રવાસન ક્ષેત્રે નવી દિશા મળશે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 27/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જીગરજાન મિત્રને અશ્રુભરી

શ્રધ્ધાંજલી



સ્વ. મેહુલભાઇ દિલુભાઇ વાળા

(ઉં.વ.૩૫) સ્વ.તા. ૨૦/૧૧/૨૦૨૬

દુનિયા માટે ભલે તમે ચાલ્યા ગયા પણ અમારા માટે તમે હંમેશા જીવંત છો અને હંમેશા જીવંત રહેશો, અમારા યાદગીરીના પુષ્પો અને આંસુના અભિષેક વડે સ્મરણાંજલિ અર્પણ કરીએ છીએ. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે....

* રફીકભાઇ (T ભાઇ) મલેક (સદસ્ય, સા.કું. ન.પા.)
* નાસીરભાઇ ચૌહાણ (સદસ્ય (પુર્વ ઉપપ્રમુખ), સા.કું. ન.પા.)
* ઇમ્તિયાઝભાઇ કુરેશી (અમરેલીવાળા) * મહેબુબભાઇ કાજી (સા.કું. ન.પા., LIC)
* ઇરફાનભાઇ કુરેશી (પ્રમુખ, સા.કું. સુન્ની મુસ્લીમ જમાત) * ઓસાભાઇ પઠાણ
* વાસુભાઇ મલેક (પુર્વ પ્રમુખ,સા.કું. સુન્ની મુસ્લીમ જમાત)
* મુસ્તુફાભાઇ સતારભાઇ કાજી (એસ.ટી. કંડકટર, સા.કું.)

તારીખ : 27/11/2026

વંડા ગામે રૂ. ૧.૩૨ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરાયું



સાવરકુંડલા તાલુકાના વંડા ગામે ગામના માળખાગત વિકાસને વેગ આપવા માટે રૂ. ૧ કરોડના ખર્ચે સુવિધાપથ રોડ તથા રૂ. ૩૨ લાખના ખર્ચે બે આંગણવાડીઓના નિર્માણકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના વરદ હસ્તે ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થઈ હતી.આ પ્રસંગે રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.ગામમાં સુવિધાપથ રોડના નિર્માણથી સ્થાનિક માર્ગ વ્યવસ્થા વધુ સુદૃઢ બનશે, જ્યારે બે નવી આંગણવાડીઓના નિર્માણથી ભૂલકાંઓને સુવિધાયુક્ત અને સાનુકૂળ વાતાવરણમાં પ્રાથમિક શિક્ષણ તથા સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓ માટે વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ થશે.



તારીખ : 27/11/2026



કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

માણસો જોઈએ છે : 4

ફર્નિચરનાં શો રૂમમાં કામ કરી શકે તેવા માણસો 4 જોઈએ છે...

ભુકેશ ફર્નિચર

નદી બજાર, રજકાપીઠ, સાવરકુંડલા.

મો. 99793 10896/91066 76832

તારીખ : 27/11/2026

વડિયાના બાંટવા દેવળી, અમરેલીના રાંઢીયા અને કમીગઢ મુકામે વિવિધ વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરતા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા









કમીગઢ-જાળીયા વચ્ચે માર્ગના વિકાસકામનું ખાતમુહૂર્ત સંપન્ન, અંદાજે ૩. ૫ કરોડના ખર્ચે નવો રોડ બનાવવામાં આવશે

અમરેલી તા. ૨૬ નવેમ્બર,૨૦૨૬ - રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં રસ્તા અને માળખાગત સુવિધાઓના નેટવર્કને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે વડિયા તાલુકાના બાંટવા દેવળી તેમજ અમરેલીના રાંઢીયા અને કમીગઢ મુકામે વિવિધ વિકાસપ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગ્રામ્ય કક્ષાએ પરિવહન અને પાયાની સુવિધાઓ સુલભ બનવાથી સમગ્ર પંથકના આર્થિક અને સામાજિક વિકાસને નવી ગતિ મળશે.માર્ગ અને મકાન વિભાગ-પંચાયત અંતર્ગત કમીગઢથી જાળીયા વચ્ચે અંદાજે ૩. ૫ કરોડના ખર્ચે રોડના વિકાસકામનું રાજ્યમંત્રીશ્રીના હસ્તે ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. આ ઉપરાંત, વડીયા તાલુકાના બાંટવા દેવળી-ચારણિયા માર્ગ પર ચોમાસા સહિતની ઋતુઓમાં વાહનવ્યવહાર સરળ બની રહે તે માટે ૩. ૪૦ લાખના ખર્ચે નવનિર્મિત થનાર માઈનર બ્રિજનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.આ વિકાસયાત્રા અંતર્ગત અમરેલીના રાંઢીયા મુકામે નાના ભૂલકાંઓના સર્વાંગી વિકાસ, પોષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે તૈયાર થયેલ નવનિર્મિત સુવિધાસભર આંગણવાડી કેન્દ્રનું રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ લોકાર્પણ કરી ગ્રામજનોની સેવામાં સમર્પિત કર્યું હતું. આ આંગણવાડી ૩. ૨૫ લાખના ખર્ચે બનાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, રાંઢીયા મુકામે સી.સી.રોડના વિકાસકામનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વિવિધ વિકાસ પ્રકલ્પોના કાર્યક્રમોમાં તાલુકા અને જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ, સ્થાનિક પદાધિકારીઓ, ગામના સરપંચશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો, વહીવટી તંત્રના અધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વિસ્તારમાં થયેલા આ મહત્વપૂર્ણ વિકાસકાર્યો બદલ ગ્રામજનોએ રાજ્ય સરકાર અને રાજ્યમંત્રીશ્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 27/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જોઈએ છે...

પાણી બોટલ પ્લાન્ટ માં કામ કરી શકે તેવા જેન્ટ્સ અથવા લેડીઝ ફબફ મળો...

એકવા ફ્રોસ્ટ ગુફ દશૉન ઈન્ડસ્ટ્રીઝ

જેસર રોડ, સાવરકુંડલા.

મો.98245 29161/93270 99938

કે.ડી NEWS

તારીખ : 27/11/2026

અમરેલી ખાતે જીલ્લા ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ યાત્રા યોજાઈ

ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ભાવવંદના કરવામાં આવી | રાજ્યમંત્રી વેકરીયા, સાંસદ સુતરીયા, ધારાસભ્ય કાકડિયા રહ્યા ઉપસ્થિત







તા. ૨૬ નવેમ્બર એટલે ભારતના ઈતિહાસનો ગૌરવવંતો દિવસ, આ દિવસે બંધારણ સભાએ રચેલ ભારતીય લોકશાહીના મહાગ્રંથ સંવિધાનનો સ્વીકાર કરવામાં આવેલો. દેશમાં લોકશાહીના પાયાનો લેખિત દસ્તાવેજ એટલે આપણું બંધારણ.

દેશના યશ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૦૧૫માં સુરેન્દ્રનગર ખાતે બંધારણને હાથીની અંબાડી પર રાખી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવેલ ત્યારથી આ દિવસને "સંવિધાન ગૌરવ દિવસ"તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણી અંતર્ગત દેશ ભરમાં સંવિધાન ગૌરવ યાત્રા તેમજ જન જાગૃતિના વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે. ગુજરાત પ્રદેશ ભાજપની સુચના મુજબ તેમજ અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ તા. ૨૬ નવેમ્બરના રોજ અમરેલીના ડૉ. જીવરાજ મહેતા ચોક થી મોટા બસ સ્ટેશન સુધી વાજતે ગાજતે "સંવિધાન ગૌરવ યાત્રા" નીકળી હતી. આ યાત્રામાં ગુજરાત સરકારના કાયદો અને ન્યાય, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયા, અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયા, જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરબાપુ ભગત, અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, જીલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ડેનીભાઈ પરમાર, અમરેલી જીલ્લા ભાજપ અનુસુચિત જાતિ મોરચા પ્રમુખ મુકેશભાઈ બગડા, અગ્રણી ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવાએ ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર પહેરાવી ભાવ વંદના કરી હતી. ભારતનું બંધારણ આપણા લોકતંત્રની મજબુત આધારશિલા છે, દેશની એકતા, અખંડિતતા, સમાનતા અને ન્યાયના મુલ્યોને જાળવી રાખવા તેમજ સંવિધાનના આદર્શોને જીવનમાં ઉતારવા ઉપસ્થિત જાગૃત નાગરિકોએ સંકલ્પ કર્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 27/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આજના સમયમાં દુધ, ઘી, શુધ્ધ અને ચોખ્ખુ લેવા પધારો..

પાણી અથવા ભેળસેળ સાબિત કરે તેને રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ) ઇનામ

ગોપાલ દુધ ડેરી

મો. ૮૫૧૧૦ ૦૩૩૫

મો. ૯૯૧૩૬ ૪૯૭૦૬

શુધ્ધ અને ચોખ્ખુ દુધ અને ઘી મેળવવાનો

સમય : સવારે ૭ થી ૯, સાંજે ૬ થી ૯

કે.કે. NEWS

તારીખ : 27/11/2026

સાવરકુંડલાની કે.કે. મહેતા સરકારી હોસ્પિટલને ગાંધીનગર ખાતે યોજાયેલા રાજ્ય કક્ષાના પુરસ્કાર સમારોહમાં 2 પુરસ્કારો પ્રાપ્ત થયા...













૧. AB-PMJAY MA (આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - એમ.એ.) હેઠળ સૌથી વધુ ક્લેમ્સ અને ચૂકવણા પ્રક્રિયા કરવી

૨. ABDM (આયુષ્માન ભારત ડિજિટલ મિશન) હેઠળ સૌથી વધુ હેલ્થ રેકોર્ડ લિંકેજ (HRL) તથા 'સ્કેન એન્ડ રજિસ્ટર' (Scan and Register) પ્રક્રિયા પૂર્ણ કરવી.સબ-ડિસ્ટ્રિક્ટ કક્ષાની હોસ્પિટલ માં ભાવનગર ઝોનમાં સૌથી વધુ આયુષ્માન કાર્ડના ક્લેમ અને બંને પુરસ્કારો મેળવનારી રાજ્યની એકમાત્ર સબ-ડિસ્ટ્રિક્ટ કક્ષાની હોસ્પિટલ. હોસ્પિટલ વતી, ઈન્ચાર્જ અધિક્ષક ડૉ. વિવેક તરસરિયાએ શ્રી રાજીવ ટોપનો (IAS, અધિક મુખ્ય સચિવ - આરોગ્ય વિભાગ) અને ડૉ. સંધ્યા ભુલ્લર (IAS, કમિશનર ઓફ હેલ્થ) ના હસ્તે આ પુરસ્કારો સ્વીકાર્યા. હોસ્પિટલના અધિક્ષક, ડૉ. વિવેક તરસરીયા એ જણાવેલું હતું કે આયુષ્માન કાર્ડ અંતર્ગત આપણે હોસ્પિટલમાં ગાયનેક, બાળરોગ, જનરલ મેડિસિન, સર્જરી, ડાયાલિસિસ વગેરે તમામ વિભાગોમાં સારવાર થાય છે અને દર્દીઓ પણ જાગૃત થઈને આયુષ્માન કાર્ડ અંતર્ગત સારવાર કરાવે છે. વિભાગીય નાયબ નિયામક, આરોગ્ય અને તબીબી સેવાઓ,ભાવનગર, ડો. હરેશ વાળા પણ આ બાબતમાં નિયમિત માર્ગદર્શન આપે છે જેના કારણે હોસ્પિટલની સુવિધા અને દર્દીની સારવારમાં પણ સુધારો જોવા મળે છે. આ બાબતે ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા એ પણ નોંધ લઈ સોશિયલ મીડિયા મારફત હોસ્પિટલના તમામ સ્ટાફને અભિનંદન પાઠવેલ છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 27/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

હોસ્પિટલમાં સાફ સફાઈ માટે લેડીઝ સ્ટાફ જોઈએ છે..

રૂબરૂ મુલાકાત લેવી.

સમય : સવારે 9 થી 1, સાંજે 5 થી 8

દ્વારકાધીશ વુમન્સ હોસ્પિટલ

મહુવારોડ, સાવરકુંડલા. મો. 76007 68076

કે.કે NEWS

તારીખ : 27/11/2026



ગુજરાતી સાહિત્યના વાત્સલ્યપ્રેમના કવિ દામોદર બોટાદકરની આજે જન્મજયંતી

ગુજરાતી સાહિત્યજગતમાં માતૃપ્રેમ, પરિવારપ્રેમ અને ગૃહજીવન ના સંવેદનશીલ ભાવોને કાવ્યરૂપે અમર બનાવનાર જાણીતા કવિ દામોદર ખુશાલદાસ બોટાદકરની આજે ૨૭ નવેમ્બરના રોજ જન્મજયંતી નિમિત્તે તેમને ભાવભીની શબ્દાંજલિ.દામોદર ખુશાલદાસ બોટાદકરનો જન્મ ૨૭ નવેમ્બર, ૧૮૭૦ના રોજ બોટાદમાં થયો હતો. ગુજરાતી સાહિત્યમાં તેઓ 'વાત્સલ્યપ્રેમના કવિ', 'કુટુંબકવિ' અને 'સૌંદર્યદર્શી કવિ' તરીકે જાણીતા બન્યા હતા.

જીવનમાં અનેક આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવા છતાં તેમણે સાહિત્યસર્જનનો માર્ગ છોડ્યો નહોતો. માત્ર છ ધોરણ સુધીનો અભ્યાસ કર્યા બાદ તેમણે શિક્ષક તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી હતી.તેમની કવિતાઓમાં માતા પ્રત્યેનો અખૂટ પ્રેમ, પરિવારની લાગણીઓ, નારીજીવન અને માનવીય સંવેદનાઓનું સુંદર નિરૂપણ જોવા મળે છે. તેમનું અતિપ્રસિદ્ધ કાવ્ય 'જનનીની જોડ સખી! નહીં જડે રે લોલ...' આજે પણ ગુજરાતી સાહિત્યપ્રેમીઓના હૃદયમાં વિશેષ સ્થાન ધરાવે છે.

આ કાવ્ય દ્વારા તેમણે માતાના નિઃસ્વાર્થ પ્રેમ અને મમતાને અમર શબ્દો આપ્યા છે.તેમના જાણીતા કાવ્યસંગ્રહોમાં 'કલ્લોલિની', 'સ્ત્રોતસ્વિની', 'નિર્ઝરિણી', 'રાસત રંગિણી' અને 'શૈવલિની'નો સમાવેશ થાય છે.

તેમની કલમમાં સાદગી, ભાવનાત્મક ઊંડાણ અને જીવનની વાસ્તવિકતાનો સુંદર સમન્વય જોવા મળે છે.૭ સપ્ટેમ્બર, ૧૯૨૪ના રોજ તેમનું અવસાન થયું હતું, પરંતુ તેમનું સાહિત્ય અને કાવ્યસર્જન આજે પણ ગુજરાતી ભાષાની અમૂલ્ય ધરોહર સમાન છે.ગુજરાતી સાહિત્યને માતૃપ્રેમ અને પારિવારિક લાગણીઓની અવિસ્મરણીય ભેટ આપનાર મહાન કવિ દામોદર બોટાદકરને તેમની જન્મજયંતીએ કોટિ કોટિ વંદન અને ભાવભીની શબ્દાંજલિ.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 27/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

મકાન વેચવાનું છે...

આસોપાલવ સોસાયટી, હાથસણી રોડ, બ્લોક નં. ૪૩, મંદિરની સામે, સાવરકુંડલા

: સંપર્ક :

મો. ૯૦૩૩૭ ૯૯૬૫૮

કે.કે NEWS

તારીખ : 27/11/2026

અમરેલી ખાતે જિલ્લા ડિસ્ટ્રિક્ટ એડવાઈઝરી કમિટી (PC-PNDT)ની બેઠક યોજાઈ

અમરેલી તા. ૨૭ નવેમ્બર,૨૦૨૬ - અમરેલી જિલ્લા ડિસ્ટ્રિક્ટ એડવાઈઝરી કમિટી (પીસી-પીએનડીટી)ની મહત્વપૂર્ણ બેઠક તા. ૨૬-૧૧-૨૦૨૬ ના રોજ યોજવામાં આવી હતી. આ બેઠકમાં કમિટીના ચેરમેન શ્રી ડો. ગજેરા તથા અન્ય સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગત બેઠકની કાર્યવાહી નોંધને વંચાણે લઈ બહાલી આપવામાં આવી હતી તેમજ નવા અને રિન્યુઅલ રજિસ્ટ્રેશન તથા આપવામાં આવેલી મંજૂરીઓને મંજૂર કરવામાં આવી હતી.બેઠકમાં જિલ્લાના જાતિ પ્રમાણ અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં સમગ્ર જિલ્લાના રેશિયોમાં સકારાત્મક સુધારો જોવા મળ્યો હતો. જો કે, તાલુકાવાર આંકડાઓના રિવ્યુ બાદ જે તાલુકાઓમાં જાતિ રેશિયો ઓછો જણાયો છે ત્યાં દીકરીઓની સંખ્યા વધે તે માટે વિશેષ જનજાગૃતિ કાર્યક્રમો યોજવા અનુરોધ કરાયો હતો. આ ઉપરાંત, જાતિ પ્રમાણ ઓછું ધરાવતા તાલુકાઓમાં ઝુંબેશ સ્વરૂપે સ્ટિંગ અને ડિકોય ઓપરેશન હાથ ધરવા કડક સૂચના આપવામાં આવી હતી. જિલ્લાના દરેક ક્લિનિકનું ૧૦૦ ટકા વેરિફિકેશન સુનિશ્ચિત થાય તે અંગે તમામ તાલુકા હેલ્થ ઓફિસરશ્રીઓને ખાસ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી હતી.

તારીખ : 27/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ભોકાની દુકાન વેચવાની છે...

ટાઈટલ ક્લીયર,
હાથસણી રોડ,
મહાકાળી ચોક,
દુકાન સાઈઝ : 7x30

: સંપર્ક :

મો. 91575 68450
મો. 88665 79658

કે.કે. NEWS

તારીખ : 27/11/2026

ટ્રાન્સપોર્ટ વાહનો માટેની નવી સિરીઝ GJ 14 AT Z 0001-9999 માટે અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા ઈ-ઓકશન પ્રક્રિયા

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા ટ્રાન્સપોર્ટ વાહનો માટેની નવી સિરીઝ GJ 14 AT Z 0001-9999 ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૦૨.૧૨.૨૦૨૬ના રોજ સાંજે ૦૪ વાગ્યા થી તા.૦૪.૧૨.૨૦૨૬ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઈ શકશે. બિડિંગ સમયગાળો તા.૦૪.૧૨.૨૦૨૬ સાંજે ૦૪ કલાકથી તા.૦૬.૧૨.૨૦૨૬ સાંજે ૦૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૦૬.૧૨.૨૦૨૬ એ જાહેર થશે. ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણું કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલા દરે ઓનલાઈન ઈ-ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી. ઈ-ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ-ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

એ ગ્રેડ
કવોલીટીનાં
A4 પેકેટ

65 GSM
Rs. 185
મીનીમમ 10 પેકેટ

70 GSM
Rs. 205
મીનીમમ 10 પેકેટ

80 GSM
Rs. 315

તમામ
પેકેટો
હાજરમાં

SINCE 1923
KD NEWS PAPER
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 27/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

JTC HOLIDAYS
Beyond The Imagine

પ્રવાસની પરફેકટ શરૂઆત અમારી સાથે

- હનીમૂન ટુર
- ગ્રુપ ટુર
- કોર્પોરેટ ટુર
- ડોમેસ્ટિક ટુર
- ઈન્ટરનેશનલ ટુર
- એક્ઝિબિશન ટુર
- સ્ટુડન્ટ ટુર
- એડવેન્ચર ટુર
- સફારી ટુર
- ડેઝર્ટ ટુર
- ધાર્મિક ટુર

A to Z
Tours
નું પ્લાનીંગ અને પેકેજિંગ

બેસ્ટ પ્રાઈઝ તેમજ
બેસ્ટ સર્વિસ
અમે આપીશું
★★★★★★



પ્લાન છે ફરવાનો ?
એકવાર અમારો સંપર્ક કરો
યાદગાર ટુરની ગેરંટી

EXPLORE THE WORLD WITH JOY
KHUSHI TOURISM



khushi_tourism_

94264 58189

Luxury awaits,
Memories stay

કે.કે NEWS

તારીખ : 27/11/2026

મોટરસાઇકલની નવી સિરીઝ GJ 14 BN 0001-9999 માટે અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા ઈ-ઓકશન પ્રક્રિયા

અમરેલી, તા.૨૭ નવેમ્બર,૨૦૨૬ - અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટરસાઇકલની નવી સિરીઝ GJ 14 BN 0001-9999 ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૦૨ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૦૪ વાગ્યાથી તા.૦૪ ડિસેમ્બર, ૨૦૨૬ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઈ શકશે. બિડિંગ સમયગાળો તા.૦૪ ડિસેમ્બર, ૨૦૨૬ સાંજે ૦૪ કલાકથી તા. ૦૬ ડિસેમ્બર, ૨૦૨૬ સાંજે ૦૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૦૬ ડિસેમ્બર,૨૦૨૬ એ જાહેર થશે. ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી,ચૂકવણું કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલા દરે ઓનલાઈન ઈ-ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ)માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ. થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી. ઈ-ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ-ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 27/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ

બ્રાન્ડ તો બનાવવી જ પડે..

ડીઝીટલ પ્લેટફોર્મ પર

હરણફાળ ભરનાર

પ્રકાશ પ્રિન્ટર્સ

હંમેશા એક કદમ આગળ...



તમારો પોતાનો ધંધો ઓનલાઈન લોન્ચ કરો

અને બનાવો તમારા પોતાના

ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ

તમારા બિઝનેસને આપો

માત્ર

પ્રતિ વર્ષ 299 + GST

એક નવી ડિજિટલ ઓળખ !

* તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
* તમારી પ્રોફાઈલની પોતાની Shareable Link
* Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
* તમારા બિઝનેસ માટે Video Gallery
* Customer Reviews દર્શાવવાની સુવિધા
* WhatsApp Direct Contact ની સુવિધા
* Google Map Location ઉમેરવાની સુવિધા
* તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
* તમારી Digital Profile માટે QR Code
* Digital Visiting Card બનાવવાની સુવિધા
* Mobile, Laptop અને Tablet દરેક ડિવાઈસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

: વધુ માહિતી માટે સંપર્ક :

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. મો. 94095 45745

પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ

ડીઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ

નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ, ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....

કે.ડી NEWS

તારીખ : 27/11/2026

Happy Birthday



Nupur Patthar

KD Doshi - Receptionist

તારીખ : 27/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Happy Birthday



પ્રદ્યુમનભાઈ અશોકભાઈ બોરીચા
લુવારા

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 27/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Happy Birthday



Tanna yeshvee Paragbhai

K.D NEWS

ના પ્લેટફોર્મ પર

જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...

અને આપે છે

વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો



















આજે જ સંપર્ક કરો

વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

9724661561

તારીખ : 27/11/2026

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ગુરુદેવ કહે છે...

“ફુરસદના સમયમાં બેઠા બેઠા અકળાઈ જનારા માણસો, ખૂબ લાંબુ જીવવા માટે જયારે દવાઓ ખાધે રાખે છે ત્યારે એ લોકોને જોઈને હસવું આવી જાય છે. તંદુરસ્ત શરીરે રજાનો એક દિવસ પણ જેઓ પ્રસન્નતાથી પસાર નથી કરી શકતા તેઓ રોગગ્રસ્ત શરીરે પ્રસન્નતાંથી મહિનાઓ શે પસાર કરી શકશે ?”



આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



તારીખ : 27/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026

Gurutattva

3589
27/11/2026
Friday

आत्मा

कई बार गुरु के बिमारीया
व "मृत्यु का कारण" भी
उसके शिष्य ही बनते
है.

आत्मस्वामी
27/11/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami **Whatsapp : Shivkrupanand Swami**

તારીખ : 27/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ગલગલીયા

પપ્પા: બેટા, ભણ્યો કે નહીં?
દીકરો: હા પપ્પા, પુસ્તક ખોલીને સૂઈ ગયો!

મમ્મી: મોબાઈલ મૂકી ભણવા બેસ!
દીકરો: મમ્મી, મોબાઈલમાં જ તો ભણું છું!
મમ્મી: તો માર્ક્સ કેમ નથી આવતા?
દીકરો: નેટવર્ક નબળું હશે!

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 27/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

૨૭ નવેમ્બર
મહત્વની ઘટનાઓ

જન્મ

૧૮૭૦ : દામોદર બોટાદકર, ગુજરાતી કવિ

૧૯૮૬ : સુરેશ રૈના, ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી.

અવસાન

૨૦૦૮ : ગુરુવારના દિવસે ભારત દેશના પૂર્વ વડાપ્રધાન વિશ્વનાથ પ્રતાપ સિંહનું બપોરના સમયે એપોલો હોસ્પિટલ ખાતે અવસાન થયું હતું. એમની વય ૭૭ વર્ષની હતી.

"જિંદગીમાં ખુશ રહેવા માટે
કારણો શોધવા કરતાં,
ખુશ રહેવાની આદત બનાવો...
પછી નાની નાની પળો પણ ખાસ લાગશે."

તારીખ : 27/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યાપારી માટે



હોલસેલ ભાવે

નાની-મોટી

ચીઠ્ઠી બુક

વિદ્યાર્થીઓ માટે

૨૬ ચોપડા

તેમજ

લખવા માટેની

કોરી પસ્તી



SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 27/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

ફ્રેશ પસ્તી



સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 27/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

સાળંગપુરના આજના દર્શન



કે.ડી

NEWS

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

કે.ડી ન્યૂઝ સાથે...



97K

61K

45K

100K

સંપર્ક : મો. 94997 97973